આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કૃપાલી મહેચ્છા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-18-04-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## ચૂંટણી વિ.સ./ લોકસભા

રાજ્યની લોકસભાની 26 અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણીઓ માટે ઉમેદવારીપત્રો 19મી એપ્રિલે બપોરના ત્રણ વાગ્યા સુધી ભરી શકાશે. ભાજપના વધુ 16 અને કોંગ્રેસના નવ ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા હતા જ્યારે આમ આદમી પાર્ટીના એક ઉમેદવારે ઉમેદવારી પત્ર ભર્યું હતું...

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીના જણાવ્યા મુજબ, લોકસભાની ચૂંટણી માટે 15મી એપ્રિલે લોકસભા માટે 31 અને વિધાનસભા માટે ચાર ઉમેદવારીપત્રો ભરાયા હતા. જ્યારે લોકસભા માટે 97 અને વિધાનસભા માટે આઠ ઉમેદવારી પત્રો ભરાયા હતા. આમ અત્યાર સુધીમાં લોકસભાની 26 બેઠકો માટે 118 અને વિધાનસભાની પાંચ બેઠકો માટે કુલ 12 ઉમેદવારી પત્રો ભરાયા છે.

જે ઉમેદવારી પત્રો ભરાયા છે તેમાંથી ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિત અન્ય પ્રાદેશિક અને રાષ્ટ્રીય પક્ષો તેમજ અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા છે જેમાં મુખ્ય રાજકીય પક્ષોના ઉમેદવારોએ ડમી ફોર્મ પણ ભર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમેદવારીપત્ર ચકાસણીની તારીખ 20મી એપ્રિલ છે, જ્યારે ઉમેદવારીપત્રો પરત ખેંચવાની તારીખ 22 એપ્રિલ છે.

**RNU અમદાવાદ**

---

## ચૂંટણી પ્રચાર શાંત

લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટેનો ચૂંટણી પ્રચાર ગઈકાલે શાંત થયો..

આ શુક્રવારે પ્રથમ તબક્કા માટે મતદાન થશે, જેમાં 17 રાજ્યો તેમજ ચાર કેન્દ્ર શાસિત પ્રદેશોની મળીને કુલ 102 લોકસભા બેઠકો માટે મતદાન થશે. જેમાં તમિલનાડુની 39, રાજસ્થાનની 12, ઉત્તરપ્રદેશની 8, મધ્યપ્રદેશની 6, ઉત્તરાખંડ– આસામ અને મહારાષ્ટ્રમાં 5 બેઠકો, બિહારની 4, પશ્ચિમ બંગાળની 3, અરૂણાચલપ્રદેશ, મેઘાલયની બે-બે બેઠકો, જ્યારે કે છત્તીસગઢ, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કીમ, ત્રિપુરા, આંદમાન-નિકોબાર ટાપુ, જમ્મૂ કાશ્મીર, લક્ષદીપ અને પોડીચેરીમાં અનુક્રમે એક બેઠક માટે મતદાન થવા જઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, વિવિધ રાજકીય દળો અને નેતાઓએ મતાદાતાઓને રિઝવવાના પૂરતા પ્રયાસો કર્યા હતા..

**RNU અમદાવાદ**

---

# રામનવમી ઉજવણી

રાજ્યભરમાં રામનવમીના પાવન પર્વની ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ જીલ્લાઓમાં રામધૂન, સુંદરકાંડના પાઠ, ભંડારા, શોભાયાત્રા, હોમ- હવન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા..

અયોધ્યામાં ભગવાન શ્રીરામ જન્મભૂમિ મંદિરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન સાથે બપોરે 12 વાગીને 16 મિનિટે રામલલ્લાની પ્રતિમાના મસ્તક પર સૂર્યનું તિલક કરવામાં આવ્યું હતું.

કચ્છમાં અંજાર, ભૂજ સહિતના સ્થળે રવાડી- પૂજન સહિતના કાર્યક્રમ યોજાયા હતા.

**RNU અમદાવાદ**

---

## ક્રિકેટ આઈપીએલ

આઇપીએલની સહુથી ઓછા સ્કોરવાળી મેચમાં દિલ્હી કેપિટલ ટીમે ગુજરાત ટાઇટન ટીમને 6 વિકેટે હાર આપી હતી. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની મેચમાં ગુજરાતની ટીમ માત્ર 89 રનમાં આઉટ થઈ ગઈ હતી. માત્ર 90 રનનાં સ્કોરને આંબવા ઉતરેલી દિલ્હીની ટીમે 9 ઓવરમાં 4 વિકેટ ગુમાવી 92 રન કરી મેચ જીતી લીધી હતી.

પદ્મણીભાઈ

---

## હવામાન

હવામાન વિભાગે રાજ્યમાં આગામી દિવસોમાં હીટવેવની સંભાવના દર્શાવી છે. જે અંતર્ગત કચ્છમાં યલો અલર્ટ અને જૂનાગઢ, પોરબંદર અને ભાવનગરમાં ઑરેન્જ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તો પોરબંદર, ભાવનગર, ગીર સોમનાથ તેમજ કચ્છમાં ગરમીનું તીવ્ર મોજુ ફરી વળવાની સંભાવના વ્યક્ત કરી છે.

દરમિયાન રાજ્યના 16 જીલ્લાઓમાં આજે તાપમાનનો પારો 40 ડિગ્રી કે તેથી વધુ નોંધાયો હતો. 43 ડિગ્રી મહત્તમ તાપમાન સાથે મહુવા રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે. જ્યારે કંડલા એરપોર્ટ 42.2 ડિગ્રી, રાપર 42 ડિગ્રી અને ભુજમાં મહતમ તાપમાન 41.6 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે આ જિલ્લાઓમાં બપોરના સમયમાં બહાર ન નીકળવા માટે સલાહ આપી છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો, તેમજ લાંબી માંદગી ધરાવતા લોકોને તડકાથી બચવાની સલાહ આપવામાં આવી છે.

**RNU અમદાવાદ**

---

## અકસ્માત

RNUBHC

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઇવે પર નડિયાદ ખાતે ગમખ્વાર અકસ્માત થયો હતો. જેમાં 10 મુસાફરોના મૃત્યુ થયા છે. વડોદરાથી અમદાવાદ તરફ આવી રહેલી કાર ટેન્કર પાછળ અથડાતા કારમાં સવાર તમામ લોકોનું મૃત્યુ થયું હતું. મૃતકો અલગ અલગ શહેરના હોવાનું સામે આવ્યું છે..

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

RNU BHUJ